## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

# INSPIRE AWARDS-MANAK





:: પ્રેરક ::

ડી.એસ. પટેલ

નિયામક

જીસીઇઆરટી, ગાંધીનગર

:: પ્રયોજક ::

નિલેશકુમાર આર. ચાપાનેરી

સિનિયર લેક્ચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

અમરેલી

:: માર્ગદર્શક ::

ડૉ. વિજયભાઇ પટેલ

રીડર

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ

પરિષદ, ગાંધીનગર


## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| 1 | ઈન્સ્પાયર એવોર્ડ યોજના | 2 |
| 2 | ઈન્સ્પાયર એવોર્ડ્સ – માનક યોજના | 3 |
| 3 | ઈન્સ્પાયર એવોર્ડ્સ – માનક યોજના માટે શાળાનું રજીસ્ટ્રેશન | 5 |
| 4 | શાળા રજીસ્ટ્રેશન માટેની ગાઇડલાઇન | 6 |
| 5 | શાળાના ઈન્સ્પાયર એવોર્ડ એકાઉન્ટમાં લોગીન થવું | 17 |
| 6 | ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજના વિદ્યાર્થી નોમિનેશન માર્ગદર્શિકા | 18 |
| 7 | Project Synopsis Sample | 28 |




# ઈન્સ્પાયર એવોર્ડ યોજના

વિદ્યાર્થીઓ નાની ઉંમરે જ વિજ્ઞાનના અભ્યાસમાં રસ લેતો થાય અને તેમની વૈજ્ઞાનિક પ્રતિભાને પ્રોત્સાહન મળે અને તેઓ દેશને જરૂરી જટિલ સંસાધન પૂરા પાડવામાં મદદરૂપ બને તેમજ લાંબાગાળાની અગમચેતી સાથે વિજ્ઞાન અને ટૅકનોલોજી તંત્ર તથા સંશોધન અને વિકાસના આધારને મજબૂત અને વિસ્તૃત કરવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ન્યુ દિલ્હી (DST)એ INSPIRE નામનો એક નવતર કાર્યક્રમ વિકસાવ્યો છે, જેનો અર્થ થાય છે - ઈનોવેશન ઇન સાયન્સ પર્સ્યુટ ફોર ઈન્સ્પાયર્ડ રિસર્ચ.

ભારત સરકારે નવેમ્બર 2008માં 11મી યોજનાના સમયગાળામાં ઈન્સ્પાયર યોજના માટે આશરે રૂ. 1979.25 કરોડના બજેટની મંજૂરી આપી હતી અને તત્કાલીન માનનીય વડાપ્રધાનશ્રીએ 13મી ડિસેમ્બર 2008ના રોજ આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. 12મી યોજનાના સમયગાળામાં પણ આ યોજના રૂા. 2200 કરોડના મંજુર બજેટ સાથે આ કાર્યક્રમ હાલ કાર્યરત છે.

INSPIRE યોજનામાં ત્રણ ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે: (1) Scheme for Early Attraction of Talent (SEATS) (2) Scholarship for Higher Education (SHE) (3) Assured Opportunity for Research Careers (AORC)

1. **Scheme for Early Attraction of Talent (SEATS)**નો હેતુ ધોરણ 6 થી ધોરણ 10 સુધીના 10-15 વર્ષની વય જૂથના 10 લાખ યુવા વિદ્યાર્થીઓને રૂ. 10000નો ઈન્સ્પાયર એવોર્ડ આપીને પ્રતિભાશાળી યુવાનોને વિજ્ઞાનનો અભ્યાસ કરવા આકર્ષવાનો છે તેમજ INSPIRE ઈન્ટર્નશિપ અંતર્ગત ધોરણ 9 ના લગભગ 50,000 વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે સમર કેમ્પનું આયોજન કરીને વિજ્ઞાનના વૈશ્વિક નેતાઓ સાથે વાર્ષિક ધોરણે નવીનતાઓનો આનંદ અનુભવવા માટેનો છે.
2. **Scholarship for Higher Education (SHE)** દ્વારા શિષ્યવૃત્તિ અને માર્ગદર્શન આપીને, વિજ્ઞાનના સઘન કાર્યક્રમોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પ્રતિભાશાળી યુવાનોના જોડાણના દરને વધારવાનો હેતુ રહેલો છે. આ યોજનામાં શુદ્ધ વિજ્ઞાન (Pure Science)માં સ્નાતક અને સ્નાતકકક્ષાનું શિક્ષણ લેવા માટે 17-22 વર્ષની વય જૂથના 10,000 પ્રતિભાશાળી યુવાનોને દર વર્ષે રૂા. 80000 ના દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં બોર્ડમાં ઉચ્ચ ગુણ મેળવનાર પ્રથમ 1% વિદ્યાર્થીઓને જો તેઓ શુદ્ધ વિજ્ઞાનનું ક્ષેત્ર પસંદ કરે તો માસ્ટર ડીગ્રી સુધી આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
3. **Assured Opportunity for Research Careers (AORC)**નો ઉદ્દેશ્ય સંશોધન અને વિકાસના આધારને મજબૂત કરવા માટે પ્રતિભાશાળી યુવા વૈજ્ઞાનિક માનવ સંસાધનને આકર્ષવા, જોડી રાખવા, જાળવી રાખવા અને પોષણ આપવાનો છે. તેમાં બે પેટા ઘટકો છે. પ્રથમ ઘટક એટલે કે ઈન્સ્પાયર ફેલોશિપ (22-27 વર્ષની વય જૂથમાં) – તે એન્જિનિયરિંગ અને મેડિસિન સહિત બેઝિક અને એપ્લાઇડ સાયન્સ બંનેમાં ડોક્ટરલ ડિગ્રી મેળવવા માટે દર વર્ષે 1000 ફેલોશિપ ઓફર કરે છે. બીજો ઘટક એટલે કે ઈન્સ્પાયર ફેકલ્ટી સ્કીમ – તે દર વર્ષે 27 થી 32 વર્ષની વય જૂથના 1000 પોસ્ટ–ડોક્ટરલ સંશોધકોને બેઝિક અને એપ્લાઇડ સાયન્સના ક્ષેત્રમાં 5 વર્ષ માટે કરાર આધારિત કાર્ય કરવાની ખાતરીપૂર્વકની તક પૂરી પાડે છે.

આ તમામ યોજનાઓ વિશે વિગતે જાણવા માટે નીચેની લિંક અથવા QR કોડનો ઉપયોગ કરો.
https://online-inspire.gov.in/content/INSPIRE_Brochure.pdf

# INSPIRE Award – MANAK Scheme (ઈન્સ્પાયર એવોર્ડ –માનક યોજના)

**INSPIRE- Innovation in Science Pursuit For Inspired Research**
**MANAK- Million Minds Augmenting National Aspiration and Knowledge**

INSPIRE AWARD-MANAK યોજના વિદ્યાર્થીઓના નાવિન્યપૂર્ણ વિચારોને પ્રોત્સાહન આપી તેને વાસ્તવિક સ્વરૂપે રજૂ કરવા માટેની એક રાષ્ટ્રીય એક સ્પર્ધા છે. જેનું આયોજન ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (DST), ન્યુ દિલ્હી અને નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન (NIF), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ધોરણ 6 થી 10 સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.

આ યોજનાનો ઉદ્દેશ્ય શાળાના ધોરણ 6 થી 10માં અભ્યાસ કરતા બાળકોમાં સર્જનાત્મકતા અને નવીન મૌલિક વિચારસરણીને પ્રોત્સાહન આપવાનો છે. આ નવીન વિચારોમાં માત્ર વિજ્ઞાન અને ગણિતના ક્ષેત્રના જ નહીં પરંતુ કોઈપણ ક્ષેત્રના હોઇ શકે. જેવા કે, વિજ્ઞાન અને ટૅકનોલોજી, ગણિત, સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત, મેઇક ઈન ઇન્ડીયા, સ્ટાર્ટઅપ ઇન્ડીયા, ડિઝિટલ ઇન્ડીયા, એગ્રીકલ્ચર, પર્યાવરણ, બાળકના માતા-પિતા જે વ્યવસાય સાથે જોડાયેલ હોય તેને સંબંધિત સમસ્યા, સમાજ વ્યવસ્થા, રોજિંદી સમસ્યાઓનું સરળીકરણ તેમજ વિવિધ સરકારી પહેલનું વિસ્તૃતિકરણ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ યોજનાનું લક્ષ પ્રતિ વર્ષ આખા રાષ્ટ્રમાંથી ૧૦ લાખ નવીનત્તમ વિચારોને સમાવવાનું છે.

આ સ્પર્ધાની રૂપરેખા શાળાકક્ષાથી શરૂ થઈને રાષ્ટ્રીયકક્ષા સુધીની છે. જેમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ તેમના શિક્ષક કે આચાર્યને તેમના નવા મૌલિક નવીન વિચારો જમા કરાવે છે. શાળાકક્ષાએ મળેલા તમામ વિચારોની આચાર્યશ્રી અને વિજ્ઞાન શિક્ષક દ્વારા સમીક્ષા કરી શ્રેષ્ઠ પાંચ નવીનતમ વિચારોની પસંદગી થાય છે અને INSPIRE AWARD–MANAKની વેબસાઈટ પર શાળાની ID પરથી આ વિચારોને નોમિનેટ કરવામાં આવે છે. નોમિનેટ થયેલા તમામ વિચારો પૈકી પ્રતિ વર્ષ દેશભરમાંથી સર્વશ્રેષ્ઠ એક લાખ નવા વિચારોને NIF દ્વારા પસંદ કરવામાં આવે છે તેમજ આ વિચાર રજૂ કરનાર વિદ્યાર્થીને રૂા. 10000/- ની રકમ DST દ્વારા એવોર્ડ સ્વરૂપે આપવામાં આવે છે. આ રકમ સીધી જ વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં જમા થાય છે.

ત્યારબાદ પસંદ થયેલા વિદ્યાર્થીએ તેમના વિચાર પર આધારિત મૉડેલ બનાવવાનું રહે છે, જેને જિલ્લાકક્ષાના પ્રદર્શન (DLPC)માં રજૂ કરવાનું હોય છે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાંથી શ્રેષ્ઠ 10% વિચારો પસંદ કરવામાં આવે છે અને તેને રાજ્યકક્ષાના પ્રદર્શનમાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. રાજ્યકક્ષાએ પ્રદર્શિત થયેલ તમામ મૉડેલ પૈકી 10% શ્રેષ્ઠ વિચારો પસંદ થાય છે અને તેઓ રાષ્ટ્રીયકક્ષાએ પ્રદર્શનમાં ભાગ લે છે. રાષ્ટ્રીયકક્ષાએ કુલ 60 વિચારો પસંદ થાય છે, જેમને રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત Festival of Innovation માં પ્રસ્તુત કરવામાં આવે છે. આ તૈયાર થયેલા મોડેલોનું મૂલ્યાંકન એ વિચારોની નવીનતા, સામાજિક ઉપયોગીતા, વ્યવહારિકતા, અને પર્યાવરણની અનુકૂળતાને આધારે કરવામાં આવે છે.

આ સ્પર્ધા માટે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર તમામ શાળાના ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ પોતાનું નામાંકન શાળા મારફત કરી શકે છે. જિલ્લામાંથી જેટલા વધારે વિદ્યાર્થીનું નામાંકન થાય તેટલી એવોર્ડ મળવાની શક્યતા વધુ ગણી શકાય.

ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજનામાં વિદ્યાર્થીઓનું નામાંકન કરવા માટે શાળાનું રજીસ્ટ્રેશન inspireawards-dst.gov.in પર હોવું જરૂરી છે. શાળાનું રજીસ્ટ્રેશન થયા બાદ જયારે DST તરફથી જાહેર થાય એ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીનું નામાંકન કરી શકાય છે. આ સમગ્ર પ્રક્રિયા ઘણી સરળ છે.

વિદ્યાર્થીનું નામાંકન કરવામાં આવે ત્યારે તેના નાવિન્યપૂર્ણ વિચારોની વિગતોની ચકાસણી DST તથા NIF દ્વારા કરવામાં આવે છે અને વિચાર/પ્રોજેક્ટની નાવિન્યતા અને ઉપયોગિતાના આધારે તેની પસંદગી કરવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયા ઘણી સરળ છે.

**⇒ ઈન્સ્પાયર એવોર્ડ માટે નોમિનેશન પસંદગીના આધારો :**

- વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ વિચારની જાણકારી
- નાવિન્યતા અને નવપ્રવર્તન
- સમાજિક ઉપયોગિતા
- ઉપયોગમાં સરળતા
- પર્યાવરણીય અસરો
- વ્યવસાયની દ્રષ્ટિએ પ્રચારની ક્ષમતા વગેરે.

સામાન્ય રીતે સ્પર્ધામાં સામાન્ય વિચાર/પ્રોજેક્ટ (પુસ્તકોમાં આપેલ ઉદાહરણ જેવા કે જળ વિદ્યુત પ્રોજેક્ટ, વરસાદી પાણીનો સંગ્રહ, પાણીનું સ્તર દર્શાવતા ઈન્ડીકેટર્સ, જૈવિક ખાતર, લેટર બોક્ષ એલાર્મ આવા બીજા એલાર્મ, ઊર્જા ઉત્પન્ન કરવા માટે ટર્બાઈનનો ઉપયોગ, બીન ઉપયોગી બેટરી/છાણ/વાહન વ્યવહાર/મોજા દ્વારા વીજ ઉત્પાદન અથવા ભુકંપ એલાર્મ વગેરેને સ્વીકારવામાં આવતા નથી. ઈન્સ્પાયર એવોર્ડ–માનકમાં બાળકોને ફક્ત મૌલિક વિચારો/નવ પ્રવર્તનો માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. માતા–પિતા/શિક્ષકો બાળકોના મૌલિક વિચારોને પ્રોટોટાઈપ/મોડેલ બનાવવા માટે મદદ કરી શકે છે, પરંતુ તેઓ તેમને વિચાર આપી શકશે નહીં. શિક્ષકોએ નીચે આપેલ વેબ લિંક પર પહેલેથી નોંધાયેલા વિચારો જોઈને બાળકોને તેની માહિતી આપવી જોઈએ, આથી બાળકો પહેલેથી નોંધાયેલા વિચારો/નવ પ્રવર્તનોથી જુદા મૌલિક અને નવા વિચારોને આગળ લાવી શકે.





ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજનામાં ભાગ લેવા માટે શાળાનું રજીસ્ટ્રેશન તેમજ વિદ્યાર્થીનું નામાંકન કરવું જરૂરી બને છે. જેની સમગ્ર પ્રક્રિયા આગળ દર્શાવેલ છે.

# ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજના માટે શાળાનું રજીસ્ટ્રેશન

ઈન્સ્પાયર એવોર્ડ પ્રદર્શનમાં ભાગ લેવા શાળાએ રજીસ્ટ્રેશન કરવું જરૂરી છે. શાળા રજીસ્ટ્રેશન માટે નીચે મુજબની વિગતો તૈયાર રાખવી. જેથી સરળતાથી અને ઝડપથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂરી થઇ શકે.

## ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજનામાં શાળા રજીસ્ટ્રેશન માટેની જરૂરી વિગતો


1. શાળાનું નામ : .........................................................................................
2. શાળાનો પ્રકાર (પ્રાથમિક/માધ્યમિક) : ........................................................................
3. તાલુકાનું નામ : ................................................. જિલ્લો : ...............................
4. શાળાનું પુરૂ સરનામું : ...............................................................................
   .......................................પીનકોડ નંબરઃ–...............................
5. શાળાનો ફોન નંબર : કોડ નંબર : ....................... ફોન નંબર : ........................................
6. શાળાનો ફેકસ નંબર : કોડ નંબર : ....................... ફોન નંબર : ........................................
7. શાળાનો ડાયસ કોડ કે ઇન્ડેક્ષ નંબરઃ– ...................................................................
8. શાળાનું ઈ–મેઈલ એડ્રેસ : .............................................................................
9. શાળાના આચાર્યનું નામ : .............................................................................
10. શાળાના આચાર્યનો મોબાઈલ નંબર : ..................................................................
11. શાળાનો વિસ્તાર {શહેર(Urban)/તાલુકો(semi urban)/ગામ(Rural)} : .........................
12. શાળાનો પ્રકાર [central / State govt. / Local Body (જિ.પં, ન.પા.)/Private aided (ગ્રાન્ટેડ)/ Private unaided(સ્વનિર્ભર/ખાનગી) : ......................................
13. લેવલ ઓફ સ્કુલ [middle (૧ થી ૮) / secondary (1 થી 10/9 થી 10) / higher secondary (1 થી 12/9 થી 12): ..................................................
14. શાળાના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા : ..................... કયાંથી કયાં સુધીના ધોરણો : .................
15. શાળાના વિદ્યાર્થીઓ (માત્ર ધોરણ ૬ થી ૮) : ................... (માત્ર ધો. ૯ થી ૧૦) : ...............
16. શાળાના કુલ શિક્ષકોની સંખ્યા : ..................... કયાંથી કયાં સુધીના ધોરણોઃ– .....................
17. શાળાના શિક્ષકો (માત્ર ધોરણ ૬ થી ૮) : ..................... (માત્ર ધો. ૯ થી ૧૦) : ...............
18. ઓનલાઈન ફોર્મ ભરનારનું નામ : ......................................................................
19. ઓનલાઈન ફોર્મ ભરનારનો હોદ્દો : ....................................................................
20. ઓનલાઈન ફોર્મ ભરનારનો સંપર્ક નંબરઃ ...............................................................
21. શાળાની વેબ સાઈટ : ............................... (જો હોય તો)
22. શાળાનો યુઝર આઈડી : ................................ પાસવર્ડ : .........................................

એક જ ટસ્ટ્રની અલગ અલગ માધ્યમની શાળા માટે અલગ અલગ રજીસ્ટ્રેશન કરવું અને ધો. ૬ થી ૮ ની શાળા માટે અને ધો. ૯ થી ૧૦ માટે અલગ અલગ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. બંને રજીસ્ટ્રેશન માટે અલગ અલગ ઈ–મેઈલ એડ્રેસની જરૂરિયાત રહેશે. ઈ–મેઈલ એડ્રેસ લખવામાં ખુબ જ કાળજી રાખવી જરૂરી છે. જો તેમાં ભૂલ પડશે તો તે સુધારવા માટે જિલ્લા નોડલ ઓધિકારીને રજૂઆત કરવાની રહેશે અને પ્રક્રિયા લાંબી થઇ જશે.

# શાળા રજીસ્ટ્રેશન માટેની ગાઈડલાઈન


**ખાસ નોંધ** – ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન માટે **શાળાનું જ ઈ –મેઈલ એકાઉન્ટ હોવું જોઈએ.** આચાર્ય કે શિક્ષકે વ્યક્તિગત ઈ-મેઈલ એકાઉન્ટ ઉપયોગમાં લેવાનું નથી. જો શાળાનું ઈ-મેઈલ એકાઉન્ટ ન હોય તો નવું એકાઉન્ટ બનાવવું. દરેક શાળાએ આ ઈ-મેઈલ કાયમ નિભાવવાનું રહેશે. તેનો પાસવર્ડ તથા આઈડી યાદ રાખી લખી રાખવું. તે બાબતે મુશ્કેલી નિવારવા શાળાના અન્ય શિક્ષક મિત્રોને પણ તેની જાણ હોય તો સારું.

1. ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજના માટે શાળાનું રજીસ્ટ્રેશન કરવા માટે શાળાનું ઈ – મેઈલ એકાઉન્ટ બનાવ્યા પછી તમારે આ મુજબ પ્રક્રિયા કરવાની છે.
2. કોઈપણ વેબ્રાઉઝર શરૂ કરી તેમાં એડ્રેસ બારમાં **www.inspireawards-dst.gov.in** ટાઈપ કરી એન્ટર કી પ્રેસ કરો. આમ કરવાથી આકૃતિ–૧ (Inspire Home Page) મુજબનું વેબપેજ જોવા મળશે.





*આકૃતિ–1*

3. Guidelines and manuals મેનુ પર ક્લિક કરવાથી આકૃતિ–2 મુજબ તમામ Guidelines અને manual ની યાદી ધરાવતું વેબ પેજ જોવા મળશે. જેમાંથી **user manual for school** ડાઉનલોડ કરી શકાશે. આ મેન્યુઅલ ડાઉનલોડ કરી તેનો અભ્યાસ કરવો.





આકૃતિ–2

4. હવે Home Page પર પરત ફરી Authorised login → School Authority મેનુ અથવા School Authority આઈકોન પર ક્લિક કરો.




આકૃતિ–3


5. આકૃતિ–4 મુજબ વેબ પેજ જોવા મળશે.




આકૃતિ – 4


6. For New Registration-Click Here પર ક્લિક કરો. આકૃતિ – 5 મુજબ વેબ પેજ જોવા મળશે.

અહીંથી આપણું રજીસ્ટ્રેશન શરૂ થાય છે. જેથી માહિતી ધ્યાનથી વાંચી સાચી વિગત ભરશો. આ માહિતી માટે શાળા જ સંપૂર્ણપણે જવાબદાર છે. જેથી યોગ્ય કાળજી લેવી.





આકૃતિ - 5

7. અહીં ટેક્ટ બોક્ષમાં શાળાનો શાળા U-DISE કોડ અથવા શાળા કોડ દાખલ કરો. (પ્રાથમિક શાળા માટે શાળા કોડ = ડાયસ કોડ રહેશે તથા માધ્યમિક શાળા માટે શાળા કોડ = ઈન્ડેક્ષ નબંર બનશે.) Submit બટન પર ક્લિક કરો. જો શાળા પહેલેથી રજીસ્ટર્ડ થયેલ હશે તો નીચેની આકૃતિ–6 મુજબ વેબ પેજ જોવા મળશે. તેના પરથી શાળાના એકાઉન્ટમાં લોગીન થઇ શકાશે અને જરૂર જણાયે શાળાની વિગતોમાં સુધારા થઇ શકશે.





આકૃતિ – 6

8. જો શાળાનું રજીસ્ટ્રેશન પહેલી વખત હશે તો નીચેની આકૃતિ–7 મુજબ વેબ પેજ જોવા મળશે.




આકૃતિ - 7

9. જો તમારી શાળાની વિગતો સાચી જણાય તો આકૃતિ–7 માં દર્શાવ્યા Yes રેડિયો બટન પસંદ કરો. આકૃતિ–8 મુજબ વેબ પેજ જોવા મળશે.





**આકૃતિ – 8**

10. આ પેજમાં માંગવામાં આવતી તમામ માહિતી જેવી કે રાજ્ય, શાળાની કેટેગરી, શાળાનું બોર્ડ, જિલ્લો, તાલુકો, શાળાનું નામ વગેરે ડ્રોપડાઉન મેનુમાંથી કાળજીપૂર્વક ભરો. જો શાળાનું નામ યાદીમાં જોવા ન મળે તો Other વિકલ્પ પસંદ કરવાથી નવું ટેક્ષ્ટબોક્ષ ખૂલશે. જેમાં શાળાનું નામ ઉમેરી શકાશે. Email address of school Authorized officer ટેક્ષ્ટબોક્ષમાં શાળાનું ઈ–મેઈલ એડ્રેસ દાખલ કરો.


શાળાનું ઈ – મેઈલ એડ્રેસ લખવામાં ખૂબ જ તકેદારી રાખવી. ઈ – મેઈલ એડ્રેસ દરેક શાળા માટે જુદું જ બનાવવાનું છે. જો એક જ ટ્રસ્ટની વિવિધ શાળાઓ હોય તો પણ દરેક શાળા માટે અલગ અલગ ઈ–મેઈલ એડ્રેસ બનાવવાનું છે, જેની ખાસ નોંધ લેશો. જો તેમાં ભૂલ પડશે તો તે સુધારવા માટે જિલ્લા નોડલ ઓફિસરને જાણ કરવી પડશે. ઈ – મેઈલ એડ્રેસ તથા અન્ય તમામ માહિતી માટે શાળા પોતે જ જવાબદાર રહેશે જેની ખાસ નોંધ લેશો.

11. ઈ–મેઈલ એડ્રેસ દાખલ કર્યા બાદ Send OTP બટન પર ક્લિક કરો. તમે દાખલ કરેલા ઈ–મેઈલ એડ્રેસ પર OTP આવશે. ઈ–મેઈલ એકાઉન્ટ ખોલી આ પાસવર્ડ મેળવી લો. (જો ઈ–મેઈલ એડ્રેસમાં ભૂલ રહી ગઈ હોય તો OTP મળતો નથી અને આગળની તમામ પ્રક્રિયા અધુરી રહી જાય છે.)




**આકૃતિ – 9**

12. ઈ–મેઈલ એડ્રેસના નીચેના ટેક્સ્ટબોક્ષમાં આ પાસવર્ડ (OTP) દાખલ કરી Verify બટન પર ક્લિક કરો. ત્યારબાદ મોબાઈલ નંબર ટેક્સ્ટબોક્ષમાં શાળાના આચાર્ય કે ઈન્સ્પાયર એવોર્ડની કામગીરી સંભાળનાર શિક્ષકનો મોબાઈલ નંબર લખવો. અને Captcha Code દાખલ કરી Save & Next બટન પર ક્લિક કરો. આકૃતિ–10 મુજબનું વેબ પેજ જોવા મળશે.





**આકૃતિ – 10**

13. આ વેબ પેજમાં નીચે દર્શાવ્યા મુજબની માહિતી દાખલ કરો.

- City Classification – Rural, Semi Urban, Urban (જે લાગુ પડતું હોય તે દાખલ કરવું)

- School Category – Central, State Govt. (આશ્રમ શાળાઓ, મોડેલ સ્કૂલ વગેરે), Local body (જિલ્લા પંચાયત તથા નગર પ્રા. શિ. સમિતિ હસ્તકની શાળાઓ), Private Aided (ગ્રાન્ટેડ શાળાઓ), Private Unaided (સ્વનિર્ભર શાળાઓ) (જે લાગુ પડતું હોય તે દાખલ કરવું)
- Level of the school – Middle (Up to Std. 8), Secondary (Up to Std. X) & Higher Sec (Up to Std. XII) (જે લાગુ પડતું હોય તે)
- Name of Principal (શાળાના આચાર્યનું નામ લખવું)

14. Save & Next બટન પર ક્લિક કરો. આકૃતિ–11 મુજબ માહિતી Save કરવા માટે મેસેજ બોક્ષ જોવા મળશે.





**આકૃતિ–11**

15. જો તમારી તમામ માહિતી યોગ્ય હોય અને કોઈ ફેરફાર કરવા ન માગતા હોય તો OK બટન પર ક્લિક કરો. આકૃતિ–12 મુજબ મેસેજ બોક્ષ જોવા મળશે.




**આકૃતિ–12**

16. OK બટન પર ક્લિક કરો. આકૃતિ–13 મુજબ નવું વેબ પેજ જોવા મળશે.




**આકૃતિ–13**

17. અહીં વિદ્યાર્થી અને શિક્ષકોની વિગતો દર્શાવવાની છે. જેમ કે ...

I. ક્યાં વર્ગથી ક્યાં વર્ગ સુધીની શાળા છે તે દર્શાવવાનું છે. (આકૃતિ–10 પર શાળાનું Level દર્શાવેલ છે તે મુજબ કમ્પ્યૂટર Accept કરશે.)


II. જો શાળા 1 થી 8 ની હોય તો 1 થી 8 ના બધા જ વિદ્યાર્થીની સંખ્યા લખવી. અને શાળા 9 થી 10 ની હોય તો તેના બધા જ વિદ્યાર્થીની સંખ્યા લખવી. અને શાળા 9 થી 12 ની હોય તો તેના 9 થી 12 ધો. ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા લખવી.

III. જો શાળા 1 થી 8 ની હોય તો 6 થી 8 ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા લખવી, શાળા 9 થી 10 ની હોય તો ધો. 9 થી 10 ના બધા જ વિદ્યાર્થીની સંખ્યા લખવી, શાળા 9 થી 12 ની હોય તો તેના 9 થી 10 ના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા લખવી.

IV. શાળાના કુલ શિક્ષકોની સંખ્યા લખવી. જો શાળા 1 થી 8 ની હોય તો તેના 1 થી 8 ના બધા જ શિક્ષકોની સંખ્યા અને 6 થી 8 ની શાળા હોય તો તેના બધા જ શિક્ષકોની કુલ સંખ્યા અને શાળા 9 થી 10ની હોય તો તેના કુલ શિક્ષકોની સંખ્યા અને શાળા 9 થી 12 ની હોય તો ધો. 9 થી 12 ના કુલ શિક્ષકોની સંખ્યા લખવી.


V. જો શાળા ધો. 1 થી 8 ની હોય તો તેના માત્ર 6 થી 8 ના વિજ્ઞાનના શિક્ષકોની સંખ્યા અને ધો. 6 થી 8ની હોય તો તેના વિજ્ઞાનના કુલ શિક્ષકોની સંખ્યા અને શાળા ધો. 9 થી 10 ની હોય તો તેના ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની સંખ્યા અને શાળા ધો. 9 થી 12 ની હોય તો તેના 9 થી 12 ના ગણિત-વિજ્ઞાનના કુલ શિક્ષકોની સંખ્યા લખવી.

18. અહીં જોવા મળતા કેપ્ચા કોડને ટેક્સ્ટબોક્ષમાં ટાઇપ કરી દાખલ કરો. અને વાનો છે. Save & Next પર ક્લિક કરો. આકૃતિ–14 મુજબનું વેબ પેજ જોવા મળશે.




**આકૃતિ–14**


19. અહીં ફોર્મ ભરનારનું નામ, હોદ્દો તથા મોબાઇલ નંબર લખી Save & Next પર ક્લિક કરો. આકૃતિ–15 મુજબ Unique Application Number સાથે એપ્લીકેશનનો પ્રીવ્યુ જોવા મળશે.




**આકૃતિ–15**

આ Unique Application Number ખૂબ જ જરૂરી છે તેથી સાચવીને રાખવાનો રહેશે.

20. પ્રીવ્યુમાં તમારી બધી વિગતો ચકાસી લેવી. જો તેમાં કોઇ ફેરફાર જણાય તો Edit બટન પર ક્લિક કરી જે તે વિભાગની વિગતો સુધારી શકાશે.





**આકૃતિ–16**

21. જો તમામ માહિતી યોગ્ય જણાય તો આ પેજને અંતે જોવા મળતા Forward for Approval બટન પર ક્લિક કરો. આકૃતિ–17 મુજબ મેસેજ જોવા મળશે.




આકૃતિ–17

22. OK બટન પર ક્લિક કરો. એપ્લીકેશન ફોરવર્ડ કર્યા પછી Generate Acknowledgement બટન પર ક્લિક કરો. આકૃતિ–18 મુજબ Acknowledgement નું pdf પેઈજ તૈયાર થયેલું જોવા મળશે.


Ministry of Science & Technology, Govt. of India
Department of Science & Technology
Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE)
inspire

**Acknowledgement**

**Date: 07 May 2019**

Subject: Application for One Time Registration (OTR) as School Authority.

Dear Principal/HeadMaster/HeadMistress (Incharge/Clerk) of Gayatri Public School

Welcome to INSPIRE Award Scheme of DST.


Thank you for registering with E-Management of INSPIRE Award Scheme. Your application has been forwarded to the District Authority for approval. Please note the registration details for future reference.

| | |
|---|---|
| Application Number | **APP141185892268** |
| School Name: | Gayatri Public School |
| School Address: | Vill Chhal Buhla, PO Daruhi, Teh and District Hamirpur Hamirpur, Himachal Pradesh, PIN: 177001 |

Once your application is approved by District Authority, your **User ID and Password** for future reference will be


આકૃતિ – 18

23. આ Acknowledgementની Print અવશ્ય લેવી. આ પ્રક્રિયા બાદ તમારા ઈ– મેઈલ એકાઉન્ટમાં આકૃતિ–19માં દર્શાવ્યા મુજબ ઈ–મેઈલ આવશે. જે તમારી એપ્લીકેશન સફળતાપૂર્વક જિલ્લા નોડલ ઓફિસરને સબમિટ થયાનો ઈ–મેઈલ છે.





આકૃતિ – 19

24. તમારી એપ્લીકેશન જિલ્લા નોડલ ઓફિસર દ્વારા ચકાસી રાજ્ય નોડલ ઓફિસરને ફોરવર્ડ કરવામાં આવશે ત્યારે તમારા ઈ– મેઈલ એકાઉન્ટમાં બીજો ઈ–મેઈલ આવશે. જેમાં આકૃતિ–20 મુજબ તમારા એકાઉન્ટનું યુઝર નેમ આવશે તેમજ પાસવર્ડ સેટ કરવા માટેની લિંક આવશે.




**આકૃતિ – 20**

25. તમારો યુઝર નેમ નોંધી લેશો. આવશે તેમજ પાસવર્ડ સેટ કરવા માટેની લિંક આવશે. પાસવર્ડ સેટ કરવા આ લિંક પર ક્લિક કરો. આકૃતિ–21 મુજબની આકૃતિ જોવા મળશે.





**આકૃતિ – 21**

26. User Id ટેક્સ્ટબોક્ષમાં ઈ–મેઈલમાં મળેલ કોડ લખી પાસવર્ડ ટેક્સ્ટબોક્ષમાં તમારો પાસવર્ડ સેટ કરો. (પાસવર્ડમાં ઓછામાં ઓછો એક કેપિટલ કેરેક્ટર, એક સ્મોલ કેરેક્ટર, એક નંબર તથા એક સ્પેશ્યલ કેરેક્ટર હોવો જરૂરી છે. પાસવર્ડ ઓછામાં ઓછો ૮ અક્ષરનો રાખી શકાય.)
27. ખાતરી માટે ફરી પાસવર્ડ ટાઈપ કરો.
28. આપેલ Captcha કોડ ટાઈપ કરો.
29. Save બટન પર ક્લિક કરો. અહીં તમારી શાળાના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થાય છે.

# શાળાના ઈન્સ્પાયર એવોર્ડ એકાઉન્ટમાં લોગીન થવું

શાળાની વિગતો જોવા, તેમાં ફેરફાર કરવા, મળેલ એવોર્ડની વિગતો ચકાસવા તેમજ વિદ્યાર્થીનું નામાંકન કરવા માટે શાળાના ઈન્સ્પાયર એકાઉન્ટમાં લોગીન થવું જરૂરી બને છે. શાળાનું રજીસ્ટ્રેશન થયા બાદ લોગીન થવા માટે નીચેના પગલાં અનુસરો.

1. કોઈપણ વેબ્રાઉઝર શરૂ કરી તેમાં એડ્રેસ બારમાં **www.inspireawards-dst.gov.in** ટાઈપ કરી એન્ટર કી પ્રેસ કરો – અથવા – ગુગલમાં inspire awards manak સર્ચ કરી તેના પર ક્લિક કરો. Inspire awards manak વેબસાઈટનું હોમ પેજ જોવા મળશે.
2. આગળ જણાવ્યા મુજબ Authorised login → School Authority મેનુ અથવા School Authority આઈકોન પર ક્લિક કરો. આકૃતિ–૧ મુજબ વેબપેજ જોવા મળશે.




આકૃતિ–૧

3. તમારું User Name અને Password દાખલ કરો.
4. આપેલો Captcha Code દાખલ કરો.
5. Login બટન પર ક્લિક કરો. આકૃતિ–૨ મુજબ તમારું Dashboard જોવા મળશે.

   અહીં ડેશબોર્ડ પર (1) Nomination (2) Awards (3) Miscellaneous અને (4) Update Bank Details જેવા ચાર વિભાગો જોવા મળે છે. જેની મદદથી જરૂરી વિગતો મેળવી શકાય છે અને આપી શકાય છે.


શાળા તરફથી વિદ્યાર્થીનું નોમિનેશન કરવા માટે પણ આ એકાઉન્ટમાં લોગીન થઇ ડેશબોર્ડના Nomination વિભાગનો ઉપયોગ કરવો પડશે.

# ઈન્સ્પાયર એવોર્ડ–માનક યોજના વિદ્યાર્થી નોમિનેશન માર્ગદર્શિકા

**ખાસ નોંધ** – ઈન્સ્પાયર એવોર્ડ અંતર્ગત વિદ્યાર્થીઓના નોમીનેશન દાખલ કરવા માટે શાળાનું રજીસ્ટ્રેશન થયેલું હોવું જરૂરી છે. તથા યુઝર નેમ અને પાસવર્ડ નિર્માણ થયેલો હોવો જરૂરી છે.


જો શાળાનું રજીસ્ટ્રેશન બાકી હોય તે શાળાએ પહેલા રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવાની છે. ત્યારબાદ પ્રતિ વર્ષ સી.આર.સી. કો–ઓર્ડિનેટર મારફત આપને સૂચના મળે તે પછીથી જ શાળાએ ઈન્સ્પાયર એવોર્ડ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના નામ ઓનલાઈન (માગદર્શિકા આપવામાં આવશે તે અનુસાર) નામાંકિત કરવાના થશે. વર્ષ ૨૦૨૩–૨૪ માટે નામાંકન પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. તેથી તમારા એકાઉન્ટમાંથી વિદ્યાર્થીને નોમિનેટ કરી શકશો. એક શાળા વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીને નોમિનેટ કરી શકે છે. વિદ્યાર્થીનું નોમિનેશન કરવાની સમગ્ર પ્રક્રિયા આગળ જણાવેલી છે.

6. આગળના પાંચ પગલાં અનુસર્યા બાદ વિદ્યાર્થીનું નોમિનેશન કરવા માટે ડેશબોર્ડના Nomination વિભાગમાં Students Nomination આઈકોન પર ક્લિક કરો. આકૃતિ–૩ મુજબ વેબપેજ જોવા મળશે.





આકૃતિ–૨

7. વિદ્યાર્થીનું નોમિનેશન કરવા માટે Students Nomination આઈકોન પર ક્લિક કરો. આકૃતિ–૩ મુજબ વેબપેજ જોવા મળશે.





આકૃતિ–૩

8. આ વેબપેજ પર કેટલીક જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. તે કાળજીપૂર્વક વાંચી લો. સૂચના ક્રમ નં. 5 માં પૂછવામાં આવેલું છે કે તમે તમારી શાળામાં વિદ્યાર્થીની પસંદગી માટે આઇડીયા સ્પર્ધાનું આયોજન કરેલું હતું. જો, ના તો તેના વિશે જાણવા આઇડીયા સ્પર્ધાની જાણકારી આપતી ફાઇલ તમે ત્યાંથી ડાઉનલોડ કરી શકો છો. (શાળા કક્ષાએ આ સ્પર્ધા કરવી જોઇએ. જેથી તમામ વિદ્યાર્થીને પોતાના વિચારો રજૂ કરવાની તક મળી શકે.)
9. Yes, અથવા No વિકલ્પ પસંદ કરો.
10. તમે Yes પસંદ કરો છો તો સ્પર્ધામાં કેટલા વિદ્યાર્થીએ ભાગ લીધો તે સંખ્યા જણાવવી પડશે.
11. Save & Next બટન પર ક્લિક કરો. આકૃતિ–૪ મુજબનું વેબપેજ જોવા મળશે.




આકૃતિ- ૪


12. આ પેજ પર અપલોડ કરવા માટેની જરૂરી ફાઈલો તૈયાર રાખવા માટેની સૂચના આપવામાં આવી છે. તમામ ડોક્યુમેન્ટ તૈયાર હોય તો I have read and understood the notification given above ચેકબોક્ષ પસંદ કરી Continue બટન પર ક્લિક કરો. આકૃતિ–૫ મુજબનું વેબપેજ જોવા મળશે.




આકૃતિ- ૫


13. અહીં શાળામાં વિજ્ઞાન પ્રયોગશાળા છે કે નહીં તેમ પૂછવામાં આવ્યું છે. તેમાં Yes કે No યોગ્ય વિકલ્પ પસંદ કરો.

14. વિદ્યાર્થીની વિગતો દાખલ કરવા માટે Add Student બટન પર ક્લિક કરો. (વધુમાં વધુ ૫ વિદ્યાર્થીને નામાંકિત કરી શકાશે). આકૃતિ–૬ મુજબનું વેબપેજ જોવા મળશે.





આકૃતિ- ૬

15. આ પેજ પર વિદ્યાર્થીની તમામ વિગતો જેમ કે.... વિદ્યાર્થીનું નામ (બેંક પાસબુક પ્રમાણે), પિતાનું નામ, માતાનું નામ, જાતિ, જન્મ તારીખ, આધારકાર્ડ નંબર (જો હોય તો), વાલીનો સંપર્ક નંબર વગેરે દાખલ કરો. આ ઉપરાંત આકૃતિ–૭ માં દર્શાવ્યા મુજબ વિદ્યાર્થીની બેંક એકાઉન્ટની વિગતો દાખલ કરો. (વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ માન્ય રાષ્ટ્રીયકૃત બેંકમાં હોવું જરૂરી છે. સ્થાનિક બેંકની વિગતો અગ્રાહ્ય છે.)





આકૃતિ- ૭

16. તમામ વિગતો દાખલ કર્યા બાદ [Submit] બટન પર ક્લિક કરો. આકૃતિ–૮ મુજબનું માહિતી Save કરવા માટેનું મેસેજબોક્ષ જોવા મળશે.




આકૃતિ- ૮

17. માહિતી યોગ્ય હોય તો [OK] બટન પર ક્લિક કરો. આકૃતિ–૯ મુજબનું વેબપેજ જોવા મળશે.





આકૃતિ- ૯

18. આ પેજ પર ચાર વિભાગો છે.

A. Upload Student Photo: અહીં વિદ્યાર્થીનો ફોટોગ્રાફ અપલોડ કરવાનો છે. [Choose File] બટન દ્વારા ફોટો પસંદ કરો અને ત્યારબાદ [Upload Photo] બટન દ્વારા ફોટો અપલોડ કરો. અપલોડ થયેલ ફોટાનો પ્રિવ્યુ બાજુમાં જોવા મળશે. (ફોટો અપલોડ કરતા પહેલા ફોટો સ્કેન કરી કમ્પ્યૂટરમાં રાખેલો હોવા જરૂરી છે. આ ફોટાની સાઈઝ 2MB થી વધે નહી તેની કાળજી રાખવી તથા ફોટા .jpg /.png /.gif/ .bmp ફોર્મેટમાં જ હોવો જોઈએ.)


B. Select Project Synopsis Language & Upload Project Synopsis: અહીં પ્રોજેક્ટનો સારાંશ (Synopsis) અપલોડ કરવાનો છે. સારાંશ કોઈપણ માન્ય ભારતીય ભાષામાં લખી શકાય છે. ડ્રોપડાઉન બોક્ષમાંથી જે ભાષામાં તમે સારાંશ લખેલ છે તે ભાષા પસંદ કરો. [Choose File] બટન દ્વારા Synopsis ફાઈલ પસંદ કરો અને ત્યારબાદ [Upload Photo] બટન દ્વારા તે ફાઈલ અપલોડ કરો. અપલોડ થયેલ ફાઈલનો પ્રિવ્યુ બાજુમાં જોવા મળશે. આકૃતિ–૧૦ મુજબ ફાઈલ અપલોડ થયાનો મેસેજ મળશે.




આકૃતિ–૧૦


C. Upload Idea/Innovation Photo: જો તમારા વિચાર કે ઈનોવેશનનો ફોટોગ્રાફ હોય તો અહિંથી અપલોડ કરવાનો છે. આ વિકલ્પ ફરજીયાત નથી.

D. Upload Idea/Innovation Video/Audio: જો તમારા વિચાર કે ઈનોવેશનની તમામ વિગતો સારાંશની મર્યાદિત જગ્યામાં ન સમાવી શકાય તો તેનું આડિયો/વિડીયો રેકોર્ડિંટ કરી અહીંથી અપલોડ કરી શકાશે. આ વિકલ્પ પણ ફરજીયાત નથી.





આકૃતિ–૧૧

19. [Save & Next] બટન પર ક્લિક કરો. આકૃતિ–૧૨ મુજબનું વેબપેજ જોવા મળશે.





આકૃતિ–૧૨

20. આ પેજ પરથી અન્ય વિદ્યાર્થીને પણ નોમિનેટ કરી શકાશે. નોમિનેટ કરેલા વિદ્યાર્થીની માહિતીમાં ફેરફાર કરી શકાશે. તે માટે ⊕ બટનનો ઉપયોગ કરવો. નોમિનેટ કરેલ વિદ્યાર્થીને દૂર (Delete) પણ કરી શકાશે. વિદ્યાર્થીની તમામ વિગતો અપલોડ થયા બાદ [Save & Next] બટન પર ક્લિક કરો. જો પાંચ કરતા ઓછા નોમિનેશન કરેલા હશે તો આકૃતિ–૧૩ મુજબનું મેસેજબોક્ષ જોવા મળશે.





આકૃતિ–૧૩

21. જો તમારે વધારે વિદ્યાર્થીનુ નોમિનેટ કરવા નથી તો [OK] બટન પર ક્લિક કરો. આકૃતિ–૧૪ મુજબનું વેબપેજ જોવા મળશે.





આકૃતિ–૧૪

22. આ પેજ પર બે વિગતો દાખલ કરવાની છે. (૧) નોમિનેટ કરેલ વિદ્યાર્થીની પસંદગી માટેના ધોરણો ક્યા હતાં? તેના વિશે માહિતી તથા (૨) તમામ માહિતી દાખલ કરનારનું નામ, હોદ્દો તથા સંપર્ક નંબર.





આકૃતિ–૧૫

23. ઉપરોક્ત વિગતો દાખલ કરી આકૃતિ–૧૫ માં દર્શાવેલ ચેક બોક્ષ પર ક્લિક કરો. [Save] બટન પર ક્લિક કરો. આકૃતિ–૧૬ માં દર્શાવ્યા મુજબ માહિતી સંગ્રહ કરવાની ખાતરી માટે મેસેજ બોક્ષ જોવા મળશે.




આકૃતિ–૧૬

24. જો માહિતી યોગ્ય હોય તો, [OK] બટન પર ક્લિક કરો. આકૃતિ–૧૭ મુજબનું વેબપેજ જોવા મળશે.




આકૃતિ–૧૭


25. વિદ્યાર્થીના નોમિનેશન પ્રક્રિયા પૂર્ણ થાય છે. એપ્લીકેશન જિલ્લા નોડલ અધિકારીને મોકલવા માટે [Forward Application] બટન પર ક્લિક કરો. આકૃતિ–૧૮ મુજબનું વેબપેજ જોવા મળશે.




આકૃતિ–૧૮


26. આ વેબપેજ પર તમે કરેલ નોમીનેશન સફળતાપૂર્વક જિલ્લા ઓથોરીટીને ફોરવર્ડ થઈ ગયુ છે. - તેવો મેસેજ મળશે તેમજ તમારી એપ્લીકેશનનો કોડ આપવામાં આવશે. જે નોંધી લેવો જરૂરી છે.

27. [Generate Acknowledgement] બટન પર ક્લિક કરો. એકનોલેજમેન્ટની Pdf file ડાઉનલોડ કરવા માટે આકૃતિ–૧૯ મુજબ એક ડાયલોગ બોક્ષ ખૂલશે.




આકૃતિ–૧૯

28. Pdf file ડાઉનલોડ કરવા [OK] બટન પર ક્લિક કરો. આકૃતિ–૨૦ મુજબ એકનોલેજમેન્ટની Pdf file ખૂલશે. આ Pdf file માં નોમિનેશનની તમામ વિગતો હશે. જેની પ્રિન્ટ લઈ ફાઈલમાં સાચવી રાખવી.



Ministry of Science & Technology, Govt. of India

Department of Science & Technology

Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE)

inspire

Acknowledgement

Date:Dec 21, 2016

Subject: Application for Student Nomination.

Dear:GANDHI SCHOOL

Welcome to Innovation in Science Pursuit for Inspired Research award scheme (INSPIRE).

Thank you for nominating students with INSPIRE scheme. Your Application has been successfully submitted and forward to district authority for its approval. Please note the application number for future reference.

Application number: 14606747-290133

| Student Name | Parent Name | Class at the time of Nomination | UID Number |
|---|---|---|---|
| BHAGIRTH | PARMAR | 9 | |
| MAYUR | KAKABHAI | 7 | |
| VIRAG | GARARA | 10 | |
| RAJUBHAI | MEHTA | 8 | |
| ANIL | BABUBHAI | 6 | |

For any assistance, please contact to our help desk number: 011-26590500 in between office hours.

Warm Regards,

**આકૃતિ–૨૦**

અહીં તમારી શાળાના વિદ્યાર્થીઓના નોમીનેશનની કામગીરી પૂર્ણ થઈ. જો તે પૈકી કોઈ વિદ્યાર્થીને એવોર્ડ મળશે તો તમારા inspire dashboard માં તેની વિગતો આપવામાં આવશે. તેમજ જિલ્લા ઓથોરિટી દ્વારા પણ જણાવવામાં આવશે. તેમ છતાં સમયાંતરે dashboard ચકાસતા રહેવું.

વિદ્યાર્થીના નવવિચાર/ઈનોવેશનનો સારાંશ લખવા માટે Synopsisનો નમૂનો પેજ નં. ૨૬ પર આપવામાં આવ્યો છે. જે મુજબ લખાણ કરી તમે તેને અપલોડ કરી શકો છો.

આ સમગ્ર યોજનાને વિશેષરૂપે સમજવા અને નોમિનેશન કરવા માટે નીચે કેટલાંક QR Code આપેલા છે. જેની મદદથી આપને વિશેષ માહિતી મળશે.

| | | | |
|---|---|---|---|
| ઈન્સ્પાયર એવોર્ડ યોજના– વિડીયો માર્ગદર્શિકા | ઈન્સ્પાયર એવોર્ડ્સ નોમિનેશન માટેની વેબસાઈટ | E MIAS યુઝર ગાઈડલાઈન વિડીયો માર્ગદર્શિકા (હિન્દી) | E MIAS યુઝર ગાઈડલાઈન વિડીયો માર્ગદર્શિકા (અંગ્રેજી) |
| નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનની વેબસાઈટ | NIF માં રાષ્ટ્રભરમાંથી સ્વીકૃત થયેલ ઈનોવેશન | NIF માં ગુજરાતમાંથી સ્વીકૃત થયેલ ઈનોવેશન | ઈન્સ્પાયર બુકલેટ |

# Project Synopsis sample

- વિદ્યાર્થીનું નામઃ ____________________________________________
- જન્મ તારીખ: ____________________ ઉંમર (વર્ષ) : ______________ ધોરણ : _________
- શાળાનું નામ અને સરનામું : ____________________________________________
- ઘરનું સરનામું : ____________________________________________
- વિદ્યાર્થી/વાલીનો મોબાઈલ નંબરઃ- ________________________________
- ઈનોવેટિવ વિચાર/ પ્રોજેક્ટનું શીર્ષક : ________________________________
- ઈનોવેટિવ વિચાર/ પ્રોજેક્ટનું વિવરણ : (શક્ય હોય તેટલુ ઊંડાણથી)
  - સમસ્યા : ____________________________________________
    ____________________________________________
    ____________________________________________
    ____________________________________________
  - **સમાધાન :**
    ____________________________________________
    ____________________________________________
    ____________________________________________
    ____________________________________________
    ____________________________________________
    ____________________________________________
- ઈનોવેટિવ વિચાર/પ્રોજેક્ટનો ફોટોગ્રાફ્સ/ચિત્ર/ડાયાગ્રામ (જો હોયતો)

**બાંહેધરી**

આથી હું બાંહેધરી આપું છું કે ઉપરોક્ત ઈનોવેટિવ વિચાર/પ્રોજેક્ટમાં મારા શિક્ષક, માતા–પિતા કે અન્ય કોઈ વ્યક્તિનો સહયોગ નથી. આ મારો પોતાનો મૌલિક વિચાર છે.

વિદ્યાર્થીનું નામ: ______________________________ વિદ્યાર્થીની સહી: ____________________